દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૧૮ જૂન, ૨૦૨૬

પક્ષપલ્ટો કરનાર પર કડકાઈ કરાશે તો જ દેશની લોકશાહી બચશે

ભારતીય લોકશાહી વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ગર્વ અનુભવે છે, પરંતુ સમયાંતરે આ લોકશાહીના પાયાને નબળો પાડતા કેટલાક દૂષણો પણ સપાટી પર આવતા રહ્યા છે. તેમાંથી સૌથી મોટું અને ગંભીર દૂષણ એટલે 'પક્ષપલ્ટો'. ચૂંટણી જીત્યા પછી પોતાના અંગત સ્વાર્થ, સત્તાની લાલસા કે આર્થિક લાભ માટે રાજકીય પક્ષ બદલવો એ માત્ર પક્ષ સાથેનો દ્રોહ નથી, પરંતુ એ જનતાના પવિત્ર જનાદેશનું સરેઆમ અપમાન છે. મતદારો જે વિચારધારા અને જે પક્ષના પ્રતીકને જોઈને પોતાનો અમૂલ્ય મત આપે છે, ચૂંટણી પછી જનપ્રતિનિધિઓ તે જ જનતાને અંગૂઠો બતાવીને રાતોરાત પલટી મારી જાય છે. તેમાં પણ હાલમાં તો હદ થઈ ગઈ છે. ઈડીના દબાણથી કે પછી નાણાંની લાલચથી પક્ષપલ્ટો કરનારાઓની સંખ્યા વધી રહી છે. તાજેતરમાં તૃણમુલ કોંગ્રેસના 20 સાંસદોએ પક્ષ સાથેથી છેડો ફાડ્યા બાદ હવે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના છ સાંસદો પણ પક્ષ છોડી રહ્યાની વિગતો સપાટી પર આવી છે. વિપક્ષો દ્વારા એવા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે કે ભાજપ પ્રલોભનો અને ધાકધમકી આપીને સાંસદોને પોતાના પક્ષમાં કરી રહી છે. જોકે, ભારતમાં આ પક્ષપલ્ટાની સ્થિતિ દાયકાઓથી ચાલી આવી રહી છે.

ભૂતકાળમાં ૧૯૬૭માં હરિયાણાના એક ધારાસભ્ય ગયા લાલે એક જ દિવસમાં ત્રણ વખત પક્ષ બદલ્યો હતો, ત્યારથી ભારતીય રાજકારણમાં 'આયા રામ, ગયા રામ'નો સિક્કો ચલણમાં આવ્યો. આ પ્રકારની રાજકીય અસ્થિરતાથી કંટાળીને છેવટે ૧૯૮૫માં રાજીવ ગાંધી સરકાર દ્વારા બંધારણમાં પરમો સુધારો કરીને પક્ષપલટા વિરોધી કાયદો લાવવામાં આવ્યો, જેને બંધારણની દસમી અનુસૂચિ તરીકે જોડવામાં આવ્યો. આ કાયદાનો મુખ્ય હેતુ સરકારોને સ્થિરતા આપવાનો અને લોભ-લાલચથી થતા પક્ષપલ્ટા પર લગામ લગાવવાનો હતો. શરૂઆતમાં એવું લાગ્યું કે હવે ભારતીય રાજકારણમાં શુદ્ધિકરણ થશે, પરંતુ સમય જતાં રાજકીય પક્ષો અને નેતાઓએ આ કાયદાની છટકબારીઓ પણ શોધી કાઢી. વર્તમાન સમયમાં પક્ષપલ્ટો અટકાવવામાં આ કાયદો કેટલો કારગત નીવડ્યો છે તે એક મોટો પ્રશ્ન છે. હાલના પક્ષપલટા વિરોધી કાયદાની સૌથી મોટી મર્યાદા એ છે કે તે વ્યક્તિગત પક્ષપલ્ટાને ગુનો ગણે છે, પરંતુ 'સામૂહિક પક્ષપલ્ટા'ને કાયદેસરતા આપે છે. કાયદા મુજબ જો કોઈ પક્ષના કુલ ધારાસભ્યો કે સાંસદોમાંથી બે-તૃતીયાંશ (૨/૩) સભ્યો એકસાથે અલગ જૂથ બનાવે અથવા બીજા પક્ષમાં ભળી જાય, તો તેમનું સભ્યપદ રદ થતું નથી.

રાજકીય પક્ષો હવે આ કાયદાથી બચવા માટે આખેઆખા જૂથ ખરીદવાની કે આંતરિક બળવો કરાવવાની રણનીતિ અપનાવે છે. તાજેતરના વર્ષોમાં દેશના વિવિધ રાજ્યોમાં જે રીતે રાતોરાત સરકારો બદલાઈ છે, રિસોર્ટ પોલિટિક્સના દ્રશ્યો સર્જાયા છે અને ચૂંટાયેલી સરકારોને પાડી દેવામાં આવી છે, તે આ કાયદાની લાચારી દર્શાવે છે. નેતાઓ કાયદાની પકડમાંથી બચવા માટે ગૃહના સભ્યપદેથી રાજીનામું આપી દે છે અને થોડા જ મહિનાઓમાં પેટાચૂંટણી લડીને ફરી મંત્રી કે ધારાસભ્ય બની જાય છે. આ રમત લોકશાહીની ગરિમાને ખરડી રહી છે. સ્પીકરની ભૂમિકા અને રાજકીય પક્ષપાતદસમી અનુસૂચિ હેઠળ પક્ષપલ્ટો કરનાર સભ્યને ગેરલાયક ઠેરવવાની સંપૂર્ણ સત્તા વિધાનસભા કે લોકસભાના અધ્યક્ષ (સ્પીકર) પાસે હોય છે. સ્પીકર સામાન્ય રીતે શાસક પક્ષના હોય છે, તેથી તેમની તટસ્થતા પર વારંવાર સવાલો ઉઠે છે. જ્યારે શાસક પક્ષના હિતમાં હોય ત્યારે પક્ષપલ્ટાના નિર્ણયો મહિનાઓ કે વર્ષો સુધી લટકાવી રાખવામાં આવે છે, જેથી પક્ષપલ્ટો કરનારા નેતાઓ સત્તાનો આનંદ માણી શકે.ન્યાયતંત્ર પણ સ્પીકરના અધિકારક્ષેત્રમાં વહેલી તકે દખલ કરવાનું ટાળે છે, જેનો ગેરલાભ રાજકીય પક્ષો ઉઠાવે છે.જો ભારતમાં લોકશાહીના મૂલ્યોને જીવંત રાખવા હોય, તો પક્ષપલ્ટા વિરોધી કાયદામાં આમૂલ પરિવર્તનો કરવા અનિવાર્ય બન્યા છે. કાયદા પંચ અને બંધારણીય નિષ્ણાતો દ્વારા આ સંદર્ભે કેટલાક મહત્વના સુધારા સૂચવવામાં આવ્યા છેવ્યક્તિગત હોય કે સામૂહિક, તમામ પ્રકારના પક્ષપલ્ટા પર સંપૂર્ણ પ્રતિબંધ હોવો જોઈએ.રસભ્યપદ રદ કરવાનો નિર્ણય સ્પીકર હસ્તક રહે છે.આ સત્તા સ્પીકર પાસેથી લઈને ચૂંટણી પંચઅથવા રાષ્ટ્રપતિ/રાજ્યપાલને સોંપવી જોઈએ. પક્ષપલ્ટાની ફરિયાદનો નિકાલ મહત્તમ ૬૦ થી ૯૦ દિવસમાં કરવો જોઈએ. પક્ષપલ્ટો કરનાર કે રાજીનામું આપનાર સભ્ય પર આગામી ૫ વર્ષ સુધી ચૂંટણી લડવા કે કોઈ પણ સરકારી પદ ભોગવવા પર પ્રતિબંધ હોવો જોઈએ.

હકીકતમાં પક્ષપલ્ટો એ માત્ર કાયદાનો ભંગ નથી, પરંતુ મતદારો સાથેની નૈતિક ક્રૂરતા છે. ચૂંટણી એ કોઈ વ્યાપારી સોદો નથી કે જ્યાં જનતાના મતોની લે-વેચ થઈ શકે. જ્યાં સુધી પક્ષપલ્ટો કરનારા નેતાઓને આકરી રાજકીય અને કાયદાકીય સજા નહીં થાય, ત્યાં સુધી જનતાનો લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા પરથી વિશ્વાસ ઉઠી જશે. સમય આવી ગયો છે કે દેશની સંસદ પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને આ કાયદાને એટલો કડક બનાવે કે કોઈ પણ જનપ્રતિનિધિ પક્ષ બદલતા પહેલાં સો વખત વિચારે. લોકશાહીને 'ધનશાહી' અને 'તકવાદી શાહી' બનતી અટકાવવા માટે કાયદાકીય શસ્ત્રક્રિયા હવે અનિવાર્ય છે તે જરૂરી છે.

સુરતની એક અજબ ગજબ ઘટના

કાયદાની રીતે જોઈએ તો કોઈપણ શહેરમાં ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવા એટલે કે ડિમોલિશન એ વર્ષોથી ચાલી આવતી પ્રણાલી છે. ક્યારેક મનમાં થાય છે કે આટલા મોટા પાયે દબાણો ઊભા થઈ ગયા, કેબિનો મુકાઈ ગઈ, પાકા બાંધકામો થઈ ગયા, ઝૂંપડપટ્ટીઓ અસ્તિત્વમાં આવી ગઈ એના કરવેરા ઉઘરાવાતા થયા, મતદારયાદીઓમાં નામ ઘૂસી ગયા ત્યાં સુધી તંત્ર કુંભકર્ણની નિદ્રામાં ઘોરતું રહ્યું અને પછી એકાએક જાગીને સીધું જ બુલડોઝર લઈને પહોંચી જાય એવું કેમ બન્યું હશે? આ પ્રશ્ન ન સમજાય તેવો છે.

આવું થાય ત્યારે થોડા દિવસ મોટા મોટા સમાચારો છપાય, વિરોધ પ્રદર્શનો થાય અને આ ગરીબ માણસો ઘરબાર વગરના થઈ ગયા એની ચર્ચાઓ પણ થાય. હાઈકોર્ટ સમક્ષ કેસ જાય અને સાબરમતી રિવરફ્રન્ટથી લઈને ચંડોળા તળાવની ઝૂંપડપટ્ટી સુધીના મામલામાં હાઈકોર્ટ નિર્દેશ આપે ત્યારે અરજી કાઢી નાખે. આ બધું સામાન્યપણે ચાલતી પ્રક્રિયા છે.

બે હાથ જોડીને હાલમાં જ અનાથ થઈ ગયા હોય એવી દયામણી મુદ્રામાં ચૂંટણી આવે એટલે ઉમેદવારો ફરવા માંડે અને યથાશક્તિ ક્યાંક નોટો, ક્યાંક ચવાણાની કોથળી તો ક્યાંક વળી દેશી દારૂની પોટલીઓ પણ વહેંચાય. આ ઝૂંપડપટ્ટીના નેતાઓનું વિશેષ ધ્યાન રખાય. ચૂંટાઈ આવ્યા બાદ પાંચ વર્ષ વળી આ પાછા નેતાજીઓ અદ્રશ્ય થઈ જાય. ભગવાન વિષ્ણુ તો દેવશયની અગિયારસથી દેવઉઠી અગિયારસ માત્ર ચાર મહિના જ બલિરાજા પાસે એમને કંપની આપવા માટે પાતાળમાં પહોંચી જાય પણ મોટેભાગે નેતાઓ તો ચૂંટણીથી ચૂંટણી એમ પાંચ વર્ષ પાતાળમાં જ વિતાવતા હોય છે.

આ બધું નવું નથી પણ તાજેતરમાં સુરતમાં જે ઘટના ઘટી એ તો કાબિલે તારીફ છે. સુરતના કતારગામ વેડ રોડ વિસ્તારમાં આવેલી નાશીરનગર ઝૂંપડપટ્ટીમાં કોઈને ગંધ પણ આવે તે પહેલાં ડિમોલિશનનો પંજો વીંઝાયો. ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે કોઈપણ પ્રકારની આગોતરી કાનૂની નોટિસ આપ્યા વિના રાતોરાત ૧૦૦થી વધુ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના મકાનો તોડી પાડવામાં આવ્યા. ચોમાસું ક્ષિતિજે ડોકાઈ રહ્યું હતું. ત્યારે નાના બાળકો સમેત સેંકડો લોકો માટે આ ડિમોલિશનને કારણે ઉપર આભ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિ ઊભી થઈ. આને કારણે જે વિસ્ફોટ થયો તેને મોટું રાજકીય અને સામાજિક સ્વરૂપ ધારણ કર્યું. નવાઈની વાત તો એ હતી કે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરે જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા આવો કોઈ ડિમોલિશન ઓર્ડર આપવામાં આવ્યો ન હતો.

તંત્ર માત્ર જમીન માપણી (ડિમાર્કેશન) માટે ગયું હતું. સ્વાભાવિક રીતે આને કારણે સ્થાનિક ધારાસભ્ય તેમજ વિપક્ષો દ્વારા સીધો આક્ષેપ કરવામાં આવ્યો કે કોઈ ખાનગી બિલ્ડરના પ્રોજેક્ટ માટે રસ્તો ખુલ્લો કરવા સરકારી તંત્ર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ રોડ વિભાગના સીનિયર ઈજનેર દ્વારા કાયદાના લીરેલીરા ઉડાડીને સોપારી લીધી હોય તેમ આ ગેરકાયદેસર એટલે કે 'ભૂતીયા ડિમોલિશન'ને અંજામ અપાયો હતો.

સુરતના નાશીરનગર ડિમોલિશન કાંડ સંદર્ભિત વિવાદ, મ્યુ. કમિશનરનું પોતે સાવ અજાણ હોવાનું સ્ટેટમેન્ટ, આ સમગ્ર બાબતે કવરેજ માટે ગયેલા મીડિયા પર થયેલા હુમલા જેવા પ્રશ્નો બાબતે સામે આવેલ વિગતો ચોંકાવનારી છે. તપાસ સમિતિની પ્રાથમિક વિગતો મુજબ, રોડ વિભાગના કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિ આ સમગ્ર ડિમોલિશન કાંડના મુખ્ય સૂત્રધાર છે. ડિમોલિશનના આગલા દિવસે જ બધું નક્કી કરાયું હતું અને સ્થળ પર કેટલું અને કેવી રીતે તોડવું તેના આદેશ સુજલે આપ્યા હતા. મનપાએ ૨૧ મેના રોજ પોલીસ બંદોબસ્ત માટે જે પત્ર લખ્યો હતો, તેમાં માત્ર જમીન માપણી (ડિમાર્કેશન)નો ઉલ્લેખ હતો, ડિમોલિશનનો કોઈ આદેશ નહોતો. સુજલ પ્રજાપતિનો સત્તાવાર ઝોન ન હોવા છતાં તેઓ

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે કોઈપણ પ્રકારની આગોતરી કાનૂની નોટિસ આપ્યા વિના રાતોરાત ૧૦૦થી વધુ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના મકાનો તોડી પાડવામાં આવ્યા

ત્રણ પોકલેન, બે જેસીબી બ્રેકર અને ૬૦ મજૂરોની ખાનગી એજન્સી (શ્રીરામ એજન્સી) લઈને સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે જે-તે ઝોનના મૂળ જવાબદાર અધિકારીઓને 'ઉપરીનો મેસેજ છે'તેમ કહી સાઈડલાઈન કરી દીધા હતા.

એડિશનલ સિટી ઈજનેર આશિષ નાયકે વીડિયો જાહેર કરી આ કામગીરીને કાયદેસર ગણાવી છે. પરંતુ સાથે જ 'સોશિયલ મીડિયાના આક્ષેપોથી સ્ટાફ પર માનસિક દબાણ વધ્યું છે'તેવું બહાનું ધરીને પાલિકાના કર્મચારીઓ આરોગ્યના નામે રજા પર ઊતરી ગયા હતા. ડિમોલિશન કોણે કર્યું તેવા મીડિયાના સવાલોથી બચવા મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજ અને આશિષ નાયક કોન્ફરન્સ રૂમમાં ભાગી ગયા હતા અને ૮ મિનિટમાં ૧૮ વાર 'આ તપાસનો વિષય છે.' નું રટણ કર્યું હતું. હંગામા વચ્ચે મેયર દક્ષેશ માવાણી પાછલા દરવાજેથી ખાનગી વાહનમાં ભાગી છૂટ્યા હતા. મીડિયાના ભારે વિરોધ પ્રદર્શન બાદ ગણતરીના કલાકોમાં જ ૫ દોષિત માર્શલો (ધવલ સેલર, પલ્લવ સોલંકી, જીલ વરિયાવા વગેરે)ની અલગ-અલગ જગ્યાએ તાત્કાલિક બદલી કરી દેવાઈ હતી.

નાશીરનગરના અસરગ્રસ્ત આશરે ૧૩૦ પરિવારોને ગોટાલાવાડી ટેનામેન્ટમાં આવાસ ફાળવણીની પ્રક્રિયા શરૂ થતાં જ નવો વિવાદ છેડાયો છે. ગોટાલાવાડીના રહીશોએ ૯ વર્ષ સુધી ભાડાના મકાનોમાં રહીને આ આવાસ મેળવ્યા છે. તેમનું કહેવું છે કે અચાનક નવા ૧૩૦ પરિવારોને વસાવવાથી વિસ્તારનું સામાજિક સંતુલન બગડશે અને આંતરિક સમસ્યાઓ ઊભી થશે. વિરોધ કરી રહેલી સ્થાનિક મહિલાઓએ સ્પષ્ટ માંગ કરી છે કે ગોટાલાવાડી ટેનામેન્ટમાં માત્ર હિન્દુ પરિવારોને જ રાખવામાં આવે. સ્થાનિક રહીશ જીતેશ રાણાના જણાવ્યા મુજબ, ગોટાલાવાડી વિસ્તાર 'અશાંત ધારા' હેઠળ આવતો હોવાથી કાયદાકીય રીતે અહીં અન્ય ધર્મના લોકોને ટ્રાન્સફર કરી શકાય નહીં.

નાશીરનગરની ઘટના હવે માત્ર 'ભૂતીયા ડિમોલિશન' પૂરતી મર્યાદિત નથી રહી. તે વહીવટી ભ્રષ્ટાચાર, ઉચ્ચ અધિકારીઓની સ્પોન્સર્ડ સોપારી, મીડિયા પર દમન અને 'અશાંત ધારા' ના કાયદાકીય ગૂંચવાડા સાથે એક ગંભીર સામાજિક-રાજકીય કટોકટી બની ગઈ છે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

હૃદયમાં પ્રેમથી પ્રવેશ

એક દિવસ હથોડા અને ચાવી વચ્ચે વાદવિવાદ થયો. હથોડાએ અભિમાન સાથે કહ્યું, ''એ ચાવી, તું તો સાવ નાની અમથી છે અને હું કેવો મોટો મસ...'' ચાવીએ શાંતિથી કહ્યું, ''આપણો જન્મદાતા તો એક જ છે ને તમે પણ લોખંડમાંથી બન્યા છો અને હું પણ ....'' હથોડાએ વચ્ચે જ કહ્યું, ''અરે પણ હું તો પાંચ કિલો લોખંડમાંથી બન્યો છું. તું તો સાવ નગણ્યમાંથી એટલે તારી શું કિંમત...'' ચાવીએ મીઠું મલકતાં કહ્યું, ''હું ભલે નાની નગણ્ય લોખંડમાંથી બની છું અને તમે પાંચ કિલો લોખંડથી પણ તમે તાળું ખોલી શકતા નથી અને હું ફટ દઈને પળવારમાં તાળું તોડી શકું છું.'' હથોડો બે ઘડી ચૂપ થઇ ગયો પછી તેણે અહંકારથી તાળાના માથે ઘા માર્યા પણ તાળું ખુલ્યું નહિ અને મજબુત હતું એટલે તૂટ્યું પણ નહિ. ચાવીએ નમ્રતા સાથે કહ્યું, ''તમે મહેનત રહેવા દો...આમ તાળું નહિ ખૂલે.'' હથોડાએ પૂછ્યું, ''કેમ નહિ ખૂલે?'' ચાવીએ કહ્યું, ''જો, એક રહસ્ય છે. આપણા બન્નેના વ્યવહારમાં ...'' હથોડાએ કહ્યું, ''હું વધુ શક્તિશાળી છું અને તું કમજોર છે તો પણ .....?'' ચાવીએ કહ્યું, ''હા તો પણ; રહસ્ય એ છે કે તમે તાળાના માથા પર પ્રહાર કરો છો. હમણાં પણ તમે વારંવાર પ્રયત્ન કર્યા પણ તાળું ટસનું મસ થતું નથી, નથી ખૂલતું ...નથી તૂટતું બરાબર. પણ હું તેમ નથી કરતી ...'' હથોડાએ કહ્યું, 'તો તું શું કરે છે?'' ચાવીએ કહ્યું, ''હું તો તાળાના હૃદયમાં પ્રવેશ કરું છું, હું તાળાને અનુકૂળ થઈ તેના હૃદયની અંદર પહોંચું છું અને જેવો તાળાના મર્મસ્થાનમાં વ્હાલથી સ્પર્શ કરું છું અને ચમત્કાર થાય છે અને તાળું ખૂલી જાય છે.'' આ કાલ્પનિક સંવાદ આપણને એક સરસ સંદેશ આપે છે કે હથોડો તાળાને માથે ઘા કરે છે પણ ખોલી શકતો નથી તેમ આપણે કોઈને પોતાના કરવા માથે ન પડવું જોઈએ પણ જેમ નાનકડી ચાવી તાળાને અનુકૂળ બની તેના હૃદયમાં પ્રવેશે છે તેમ આપણે અન્યના મનને ખોલવા, કોઈના હૃદયમાં પ્રવેશવા, નાજુક બનવું, નજાકત સાથે પ્રેમથી તેમને અનુકૂળ થઈ હૃદયમાં પ્રવેશવું અને વ્હાલથી, સ્નેહથી તેમના મર્મસ્થાનને સ્પર્શ કરી પોતાના કરી લેવા.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

હસીએ પ્લાસ્ટિક, શ્વસીએ પ્લાસ્ટિક, ગ્રસીએ પ્લાસ્ટિક

પ્રદૂષણ, જળવાયુ પરિવર્તન જેવી બાબતો એવી છે કે એમના વિશે થાય એટલી વાત ઓછી પડે, કેમ કે, તેના થકી આપણા રોજિંદા જીવન પર થતી વિપરીત અસરો બાબતે સભાનતા કેળવવી જરૂરી છે. આપણી આસપાસના વાતાવરણ અને પર્યાવરણને સૌએ મળીને એ હદે પ્રદૂષિત કરી દીધું છે કે ભાગ્યે જ કોઈ એવું પાસું બાકી રહ્યું હશે કે જે આપણને, આપણા જીવનને ન સ્પર્શે. પ્રદૂષણની વાત નીકળે ત્યારે હજી ઘણા બધાને એમ હોય છે કે એ તો નદી-દરિયા, ખીણ કે લેન્ડફીલ જેવાં સ્થળોએ જ હોય. પોતાના જીવનમાં, અરે, છેક પોતાના ઘર સુધી એ પહોંચી ચૂક્યું છે એનો અહેસાસ તેમને ભાગ્યે જ થાય છે.

મોટા કદના પ્લાસ્ટિકના વિઘટનને લઈને પરિણમતું માઈક્રોપ્લાસ્ટિક, એટલે કે પાંચ મિ.મી. કરતાં ઓછો વ્યાસ ધરાવતા, લગભગ તલના દાણા જેવડા, પ્લાસ્ટિકનાં સૂક્ષ્મ કણો સર્વવ્યાપી બની રહ્યા છે. ક્યાં ક્યાં એ છે? પ્લાસ્ટિકની પાણીની બોટલોથી લઈને સસ્તન પ્રાણીઓની લાદમાં, માનવરક્તમાં અને અંગમાં, આપણે શ્વસીએ છીએ એ હવામાં, અને છેક એવરેસ્ટ શિખર પાસે સુધ્યાં એ જોવા મળ્યા છે. જો કે, આમાં કંઈ નવાઈ નથી, કેમ કે, આ હકીકત ઘણા સમય પહેલાંથી વિવિધ અહેવાલો થકી જાણીતી બની ચૂકી છે.

હવે જે નવો અહેવાલ રજૂ કરાયો છે એમાં પ્લાસ્ટિકના એવા સ્રોત દર્શાવાયા છે કે જેને અત્યાર સુધી નજરઅંદાજ કરાતા રહ્યા છે યા નવા ધ્યાનમાં આવ્યા છે. નેધરલેન્ડ્સની એક સંસ્થા 'પ્લાસ્ટિક સૂપ ફાઉન્ડેશન'દ્વારા હાથ ધરાયેલા એક અભ્યાસમાં 350 કરતાં વધુ અભ્યાસને વિવિધ નિષ્ણાતોએ ચકાસીને તેને જાહેર કર્યા છે. માઈક્રોપ્લાસ્ટિક માટે જવાબદાર પદાર્થોને આમાં પાંચ શ્રેણીમાં વિભાજીત કરાયા છેઃ ઘરની બહારના સ્રોત, ઘરની અંદરના સ્રોત, બાળકો માટેનાં ઉત્પાદન, સ્વાસ્થ્ય તેમજ વ્યક્તિગત સારસંભાળ માટેની ચીજો અને ખાવાપીવાની ચીજો. આ અહેવાલમાં માઈક્રોપ્લાસ્ટિકને 'સર્વવ્યાપી, પ્રચૂર, અદૃશ્ય, રાસાયણિક મિશ્રણ ધરાવતાં પ્રદૂષકો' ગણાવાયાં છે, જે આપણા જીવનના એકે એક ખૂણે, જન્મથી પણ પહેલાં છુપાયેલા છે.

આમાંના કેટલાક સ્રોત દેખીતા અને પ્રગટ છે, જેમ કે, પ્લાસ્ટિકનું પેકેજિંગ ધરાવતા ખોરાક અને પીણાં, પણ બીજા ઘણા નજર અંદાજ થતા રહ્યા છે.જેમ કે, દવાખાનામાં જીવનરક્ષણ માટે વપરાતાં ઉપકરણો થકી શરીરમાં જાણબહાર પ્લાસ્ટિક દાખલ થાય છે. અભ્યાસ અનુસાર ઓપરેટિંગ રૂમમાં એક પાળી દરમિયાન પ્રતિ ચોરસ મીટરે 9,258 કણો મળી આવે છે. આવશ્યક તબીબી ઊપકરણો, કાર્ડિઆક કેથેટર, ઓર્થોપેડિક ઈમ્પ્લાન્ટ, સીલીકોન ઈમ્પ્લાન્ટ, ઈન્ટ્રાવીનસ ફ્લુઈડ બેગ વગેરે સહિત અનેક સાધનો પોલિમર પ્લાસ્ટિકમાં વીંટળાયેલા આવે છે, અને ઓપરેટિંગ રૂમમાં વ્યાપક રીતે વપરાશમાં લેવાતા રહે છે.

નવજાત શિશુઓ માટેના ઈન્ટેન્સિવ કેર યુનિટમાં આ મુદ્દો વધુ ગંભીર બને છે, કેમ કે, અહીં એવાં બાળકો તેના સંપર્કમાં આવે છે, જેમણે હજી તો આ પૃથ્વી પર શ્વાસ લેવાની શરૂઆત કરી છે. સોય દ્વારા જરૂરી પોષક દ્રવ્યો દાખલ કરવામાં આવે છે એવાં, સમય કરતાં વહેલાં જન્મેલાં બાળકો 72 કલાકમાં માઈક્રોપ્લાસ્ટિકનાં 115 કણો 'ગળી જતા' હોવાનો અંદાજ છે. એમાંય ખાસ કરીને 'બેબી ફોર્મ્યુલા'એટલે કે બાળકો માટેનો આહાર, તેના પેકેજિંગ અને બનાવટની પદ્ધતિ અનુસાર માઈક્રોપ્લાસ્ટિકનું ઓછુંવત્તું, પણ નિશ્ચિત પ્રમાણ ધરાવે છે. એ જ રીતે બાળકો માટેનાં વિવિધ ઉત્પાદનોમાંથી પણ પી.વી.સી.(પોલિ વિનાઈલ ક્લોરાઈડ), પોલિપ્રોપીલીન, પી.ઈ.ટી. (પોલિઈથીલીન ટર્ફ્થેલેટ)નાં કણો સતત હવામાં છૂટા પડતા રહે છે. પોતાના શરીરના વજનને કારણે બાળકો પ્રમાણમાં વધુ હવા શ્વસે છે અને ઠરેલી રેતી સાથે વધુ સમય સંપર્કમાં આવે છે. આથી વયસ્કોની સરખામણીએ તેમનો સંપર્ક વધુ હોય છે.

આવા, બંધબારણે રહેલા પ્લાસ્ટિકની હાજરીમાં વૃદ્ધિ થાય છે ઘરેલુ રંગોથી, જેમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક બાઈન્ડર હોય છે. હવામાનના સંપર્કમાં આવતાં કે નવો રંગ કરતી વખતે જૂનો રંગ ઊખાડતાં તેમાંથી પુષ્કળ પ્રમાણમાં પોલિમર પ્લાસ્ટિક છૂટું પડે છે. સો ચો.મી.માં લગાડેલા રંગના એક હાથમાં 17 થી 68 લાખ કરોડ પોલિમર પ્લાસ્ટિકના કણો હોવાનો અંદાજ છે અને ઘરઘરમાં રહેલા, પ્લાસ્ટિક પ્રદૂષણ ફેલાવતા માઈક્રોપ્લાસ્ટિકના આવડા મોટા સ્રોત પર ખાસ ધ્યાન જતું નથી.

આના વિશે વાત કરતાં એ યાદ રાખવું રહ્યું કે આવી તો કેટલીય બાબતો આપણી જાણબહાર હશે. એકાદની વાત કરીએ. જેમ કે, સ્ટ્રેટસ્ફેરિક એરોસોલ ઈન્જેક્શન.. આ કણોમાં માઈક્રોપ્લાસ્ટિકના પુષ્કળ પ્રમાણને પણ નજરઅંદાજ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. વરસાદમાં સુધ્ધાં ટાયર, સિન્થેટીક વસ્ત્રો વગેરેમાંથી છૂટું પડતું માઈક્રોપ્લાસ્ટિક હોય છે. એક અંદાજ અનુસાર માણસો વરસેદહાડે ચાલીસ કરોડ ટન પ્લાસ્ટિકકચરો પેદા કરીએ છીએ, જે પૈકીનો સાઠ ટકા કચરો આપણા પર્યાવરણમાં જ ભળે છે. તે બીજે ક્યાં જાય? આપણને ન દેખાય એનો અર્થ એવો તો નહીં ને કે તેનું વિઘટન થઈ ગયું? ઘણી વાર એવી ચિંતા વ્યક્ત થતી રહે છે કે આપણે આપણી ભાવિ પેઢીને કેવી પૃથ્વીનો વારસો આપીને જઈશું? આ અહેવાલ વાંચીને એમ થાય કે ભાવિ પેઢી તો છોડો, વર્તમાન પેઢી કેટકેટલા પ્રદૂષણ વચ્ચે જીવી રહી છે અને પોતાની જાણબહાર કેટલું પ્લાસ્ટિક ગ્રસી અને શ્વસી રહી છે એનો એને અંદાજ છે ખરો? અને વર્તમાન પેઢી એટલે બીજું કોઈ નહીં, આપણે સૌ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ફીર દેખો ચારોં

બીરેન કોઠારી

સૌર જીઓ એન્જિનિયરીંગની આ એક સૂચિત પદ્ધતિ છે, જે આપણા ગ્રહના તાપમાનને ઝડપથી ઠંડું કરવા માટે તૈયાર કરાઈ રહી છે. તેમાં પૃથ્વીની સપાટીથી દસથી વીસ કિ.મી. ઊપર આવેલા સ્ટ્રેટસ્ફિયરમાં કણો છોડવામાં આવશે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

રેલવે પોલીસની કામગીરી શું છે?

ભારતમાં કેન્દ્ર સરકાર સંચાલિત રેલવે વિભાગને મુસાફરોની સુરક્ષા હેતુથી ટ્રેનમાં થતી લૂંટફાટ ચોરી અને હિંસા ન થાય તે સંબંધિત રેલવે પોલીસ વિભાગ ફાળવવામાં આવ્યું છે. પરંતુ શું રેલવે પોલીસ તેમની જવાબદારી નિભાવે છે. આજે પણ ટ્રેનોમાં પ્રતિદિન લૂંટફાટ ચોરી અને હિંસાની અસંખ્ય ઘટનાઓ બની રહી છે. જે રે-પોલીસના સત્તાધીશોએ આ અંગે જાગૃત થઈને વિશેષ કરીને રાત્રીના સમયના દરેક ટ્રેનના ડબ્બાઓમાં પોલીસ પેટ્રોલિંગ કરવું જોઈએ.

સુરત - રાજુ રાવલ

રક્તદાન એ મહાદાન

રક્તદાનની પ્રવૃત્તિ અંગે લોકોમાં જાગૃતિ આવે અને વધુ ને વધુ લોકો રક્તદાન કરવા પ્રેરાય કે જેથી લોહીની જરૂરિયાતને પહોંચી વળી શકાય એ આજના સમયની માંગ છે. એક યુનિટ બ્લડ થકી ત્રણ જિંદગી બચાવી શકાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ગાઈડલાઈન મુજબ 18 વર્ષથી વધુ અને 65 વર્ષથી ઓછી ઉંમરના સ્વસ્થ લોકો દર ત્રણ મહિને એક વખત રક્તદાન કરી શકે છે. 21મી ટેકનોલોજીની સદીમાં ખૂબ જ સંશોધનો થયાં હોવા છતાં પણ કૃત્રિમ રીતે લોહી બનાવી શકાતું નથી. જેને કારણે લોહીની અછત કાયમ માટે રહે છે. વર્તમાન ડિજિટલ યુગમાં પણ રક્તદાન અંગે જાગૃતિનો અભાવ જોવા મળે છે. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીની અનેકવિધ શાખાઓ અને અન્ય બ્લડ બેંકો રક્તદાન શિબિરોનું આયોજન કરીને રક્તની જરૂરિયાતને પહોંચી વળવા માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે. જ્યારે યુવાન-યુવતીઓ સ્વૈચ્છિક રક્તદાન કરે છે ત્યારે એઓ જીવનદાતા બને છે, અન્યના જીવનમાં પ્રકાશ ભરી દે છે અને માનવતાની સાચી સેવા કરે છે. વધતી જતી રક્તની માંગને પહોંચી વળવા માટે શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ સમાજના રક્તદાન અંગે જાગૃતિ ફેલાય તે માટે પૂરતા પ્રયત્નો કરવા જોઈએ.

નવસારી - ડૉ. જે. એમ. નાયક

જીવન માણવાની વિચારધારા

જીવનક્રમ એટલે માત્ર જન્મ અને મૃત્યુ વચ્ચેનું અંતર નહીં. આ અંતરને આનંદથી આવકાર એ વ્યક્તિગત ચોઈસ છે. કોઈ જીવનને મૂંઝવે છે ને કોઈ જીવનને ઉજવે છે. અસ્તિત્વનું ઝરણું હાંફની હાશને એકાંતનો પણ ઉત્સવ માણી શકાય. જીવનમાં માત્ર શું નથી તેનો ઉત્પાત ન કરો પણ શું છે તેને સ્વકારી મસ્ત જીવો. ઉકળાટ કે કકળાટ ન કરો. કુટુંબમાં બધાનો સહર્ષ સ્વીકાર કરો.તમારે વરિષ્ઠ વયે ખરતાં રહેવું છે કે નિખરતાં રહેવું છે એ સ્વનિર્ભર છે. એકબીજાનાં કાર્યોને બિરદાવો. જો ભૂલ થઈ હોય તો, જાહેરમાં નહીં પણ ખાનગીમાં બોલાવી સમજાવો.જીવનમાં પુસ્તકપ્રેમ, પર્યાવરણ પ્રેમ અને પારિવારિક પ્રશ્ને ઉજાગર કરતા રહો.

સુરત - દીપક બી. દલાલ

પ્લાસ્ટિકમુક્ત પર્યાવરણ

આધુનિક યુગમાં માનવી પોતાની જરૂરિયાત અને ભૌતિક સુખ મેળવવા માટે વિવિધ વસ્તુનું સર્જન કરી ઉપયોગ કરે છે. તેમાં પ્લ